log in facebook kamalamdailygandhinagar

Wednesday
14.10.2020
*Volume :5 * Issue No. 58
Email.: kamalamgujarat@gmail.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક


GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

### પ્રધાનમંત્રીએ ડો. બાળાસાહેબ વિખે પાટિલની આત્મકથા 'દેહ વેચાવા કારણીનું વિમોચન કર્યું

# ડો. બાળાસાહેબ વિખે પાટિલના પ્રયાસો અને તેમનું પ્રદાન આવનાર પેઢીઓને સતત પ્રેરિત કરતું રહેશે: પ્રધાનમંત્રી

## પ્રવરા ગ્રામીણ શિક્ષણ સોસાયટીનું નામ પરિવર્તન કરીને 'લોકનેતે ડો. બાળાસાહેબ વિખે પાટિલ પ્રવરા ગ્રામીણ શિક્ષણ સોસાયટી કર્યું




કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ડૉ. બાળાસાહેબ વિખે પાટિલની આત્મકથા 'દેહ વેચાવા કારણીલ્લનું વિમોચન કર્યું હતું. તેમણે પ્રવરા ગ્રામીણ શિક્ષણ સોસાયટીનું નામ પરિવર્તન કરીને 'લોકનેતે ડૉ. બાળાસાહેબ વિખે પાટિલ પ્રવરા ગ્રામીણ શિક્ષણ સોસાયટીલ્લ કર્યું હતું. આ પ્રસંગે વાત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, કોઈ પણ વ્યક્તિને મહારાષ્ટ્રના દરેક વિસ્તારમાં વિખે પાટિલના જીવન સાથે જોડાયેલી એક અથવા બીજી વાત જાણવા મળશે. તેમણે કહ્યું હતું કે, બાળાસાહેબ વિખે પાટિલે એમના જીવનનો આદર્શ ડૉ. વિઠલરાવ વિખે પાટિલને માનતા હતા અને એમના પદચિહ્નો પર ચાલ્યાં હતાં તેમજ પોતાનું જીવન મહારાષ્ટ્રના વિકાસ માટે સમર્પિત કરી દીધું હતું. તેમણે ઉમેર્યું હતું કે, વિખે પાટિલના જીવનનો એકમાત્ર ઉદ્દેશ હતો - ગ્રામીણ રહેવાસીઓ, ગરીબો, ખેડૂતોના જીવનને વધારે સરળ બનાવવું અને તેમની સમસ્યાઓમાં ઘટાડો કરવો. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, વિખે પાટિલજી સમાજના ઉત્થાન માટે હંમેશા કામ કરતાં હતાં અને રાજકારણને સમાજમાં અર્થસભર પરિવર્તનો લાવવા માટેનું માધ્યમ બનાવવા તેમજ રાજકારણ થકી ગરીબો અને ગામડાઓની સમસ્યાઓનું સમાધાન કરવા હંમેશા ભાર મૂકતાં હતાં.

તેમણે કહ્યું હતું કે, બાળાસાહેબ વિખે પાટિલનો આ અભિગમ તેમને અન્ય રાજકારણીઓથી અલગ બનાવતો હતો. તેમણે જણાવ્યું હતું કે, બાળાસાહેબ વિખે પાટિલની આત્મકથા આપણા તમામ માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તેમણે ગામડાઓના વિકાસ માટે કરેલા પ્રયાસો અને તેમનું પ્રદાન, ગરીબોના ઉત્થાન માટે અને તેમને સાક્ષર બનાવવા માટે તેમની મહેનત, મહારાષ્ટ્રમાં સહકારી ક્ષેત્રને પ્રાપ્ત થયેલી સફળતામાં તેમનું પ્રદાન આગામી પેઢીઓને સતત પ્રેરિત કરતું રહેશે. પ્રધાનમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે, ડૉ. બાળાસાહેબ વિખે પાટિલ ગરીબો અને ખેડૂતોની સમસ્યાઓ અને પીડાને સારી રીતે સમજતા હતા. એટલે તેમણે નાનાં-મોટાં ખેડૂતોને એકજૂથ કર્યા હતા, તેમને સહકારી મંડળીઓ સાથે જોડી દીધા હતા. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, અટલજીની સરકારમાં મંત્રી તરીકે તેમણે મહારાષ્ટ્ર સહિત દેશના ઘણા વિસ્તારોમાં સહકારી ક્ષેત્રને પ્રોત્સાહન આપ્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, જ્યારે દેશમાં ગ્રામીણ શિક્ષણની ચર્ચા થતી નહોતી, ત્યારે ડૉ. બાળાસાહેબ વિખે પાટિલે પ્રવરા ગ્રામીણ શિક્ષણ સોસાયટી મારફતે ગામડાઓમાં યુવાનોને શિક્ષણ આપીને સક્ષમ બનાવવા માટે કામ કર્યું હતું. આ સોસાયટી દ્વારા તેમણે ગામડામાં યુવા પેઢીને શિક્ષણ અને કૌશલ્ય વિકાસ સાથે સજ્જ કરવા માટે ઉદાત્ત કામગીરી કરી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, વિખે પાટિલજી ગામડામાં કૃષિ ક્ષેત્રમાં શિક્ષણનું મહત્ત્વ સારી રીતે સમજતા હતા. અત્યારે ખેડૂતોને ઉદ્યોગસાહસિકતા તરફ દોરી જાય અને તેમને ઉદ્યોગસાહસિક બનવામાં મદદરૂપ થાય એવી નીતિઓ બનાવવામાં આવી છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, જ્યારે દેશને આઝાદી મળી હતી, ત્યારે દેશવાસીઓ માટે પૂરતા ખાદ્યાન્નની ખેંચ હતી અને તત્કાલિન સરકારની પ્રાથમિકતા પાકની ઉત્પાદકતા કેવી રીતે વધારવી એ હતી. પણ ઉત્પાદકતાની આ ચિંતામાં ખેડૂતોની નફાકારકતા પર ધ્યાન આપવામાં આવ્યું નહોતું. તેમણે કહ્યું હતું કે, હવે દેશમાં ખેડૂતોની આવક વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે તથા આ દિશામાં સતત પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે, જેમ કે એમએસપી વધારવાનો નિર્ણય લેવાયો છે, યુરિયાનું નીમ કોટિંગ કરવામાં આવે છે અને ખેડૂતોને પાક વીમાની સુવિધા આપવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રી – કિસાન સમ્માન નિધિ યોજના જેવી સરકારની પહેલોને કારણે ખેડૂતોને હવે નાનાં નાનાં ખર્ચાઓ માટે અન્ય લોકો પર નિર્ભર રહેવું પડતું નથી. ઉપરાંત કોલ્ડ ચેઈન, મેગા ફૂડ પાર્ક અને એગ્રો-પ્રોસેસિંગ માળખું જેવી માળખાગત સુવિધાઓ વધારવા અભૂતપૂર્વ રીતે કામગીરી ચાલુ છે. બાળાસાહેબ વિખે પાટિલે કૃષિ ક્ષેત્રમાં પરંપરાગત જાણકારી જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જેમાં ખેતીવાડીને કુદરતી સ્થિતિસંજોગો મુજબ હાથ ધરવામાં આવે છે. આ સંદર્ભમાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આપણે કૃષિ ક્ષેત્ર સાથે આપણા પરંપરાગત જ્ઞાનને જાળવી રાખવું પડશે તથા કૃષિ ક્ષેત્રનો વિકાસ કરવા આ પરંપરાગત જાણકારી અને અત્યાધુનિક ટેકનોલોજીનો સમન્વય કરવો પડશે. આ માટે તેમણે શેરડીના પાકનું ઉદાહરણ ટાંક્યું હતું, જેમાં શેરડીની ખેતી કરવા માટે જૂની અને નવી એમ બંને પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. તેમણે કહ્યું હતું કે, અત્યારે શેરડીમાંથી ખાંડ અને ઈથેનોલ એમ બંને મેળવવા માટે ઉદ્યોગો સ્થાપિત થયા છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ડૉ. બાળાસાહેબ વિખે પાટિલ મહારાષ્ટ્રના ગામડાઓમાં પીવાના પાણી અને સિંચાઈના પાણી જેવી સમસ્યાઓનું સમાધાન કરવા હંમેશા પ્રયાસરત રહ્યાં હતાં. તેમણે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત મહારાષ્ટ્રમાં ૨૬ પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ કરવામાં આવ્યાં છે, જે વર્ષોથી વિલંબમાં મૂકાયા હતા. એમાંથી ૯ પ્રોજેક્ટ પૂર્ણ થઈ ગયા છે. તેમણએ ઉમેર્યું હતું કે, આ પ્રોજેક્ટ પૂર્ણ થવાની સાથે આશરે ૫ લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધાઓ મળશે. તેમણે જણાવ્યું હતું કે, જુલાઈ, ૨૦૧૮ની જેમ મહારાષ્ટ્રમાં વધુ ૯૦ મોટા અને નાનાં સિંચાઈ પ્રોજેક્ટ પર કામગીરી શરૂ કરવામાં આવી છે. જ્યારે આ પ્રોજેક્ટ આગામી ૨થી ૩ વર્ષમાં પૂર્ણ થશે, ત્યારે આશરે ૪ લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધાનો લાભ મળશે. તેમણે કહ્યું હતું કે, અટલ ભૂગર્ભજળ યોજનાનો અમલ મહારાષ્ટ્રમાં ૧૩ જિલ્લાઓમાં થઈ રહ્યો છે, જ્યાં ભૂગર્ભજળના સ્તર અતિ નીચે ઉતરી ગયા છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, જલજીવન અભિયાન અંતર્ગત મહારાષ્ટ્રમાં ગામડાઓમાં દરેક ઘરને પાઈપ મારફતે પીવાનું પાણી પૂરું પાડવા માટેની કામગીરી પણ ઝડપથી ચાલી રહી છે. ગયા વર્ષ દરમિયાન મહારાષ્ટ્રનાં ૧૯ લાખથી વધારે ઘરને પાઈપ મારફતે પીવાના પાણીની સુવિધા પ્રદાન કરવામાં આવી છે. એમાંથી ૧૩ લાખથી વધારે ગરીબ ઘરોને કોરોના રોગચાળા દરમિયાન આ સુવિધા મળી છે. તેમણે જણાવ્યું હતું કે, મુદ્રા યોજનાથી ગામડામાં સ્વરોજગારી ની તકોમાં વધારો થયો છે. દેશમાં સ્વયં સહાય જૂથ સાથે સંબંધિત ૭ કરોડથી વધારે મહિલાઓને ૩ લાખ કરોડ રૂપિયાથી વધારેની લોન આપવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, કિસાન ક્રેડિટ કાર્ડની સુવિધા સાથે ખેડૂતો, માછીમારોને બેંકોમાંથી સરળતાપૂર્વક લોનની સુવિધા પ્રદાન કરવામાં આવી છે. અગાઉ કિસાન ક્રેડિટ કાર્ડથી વંચિત આશરે અઢી કરોડ નાનાં ખેડૂત પરિવારોને હવે આ સુવિધા પ્રાપ્ત થઈ છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ગામડાઓમાં રહેતાં ગરીબોમાં આત્મવિશ્વાસ વધવાથી આત્મનિર્ભરતા માટેનો નિર્ધાર વધારે મજબૂત થશે. બાળાસાહેબ વિખે પાટિલ ગામડાઓમાં રહેતાં લોકોમાં સ્વનિર્ભરતા કે આત્મનિર્ભરતાની ભાવના લાવવા ઈચ્છતાં હતાં.






ડાંગ વિધાનસભા પેટા ચૂંટણી ૨૦૨૦ અંતર્ગત ભાજપા ના ઉમેદવાર તરીકે ઉમેદવારી પત્રક ભરતા શ્રી વિજયભાઈ પટેલ. આ પ્રસંગે માન. મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા પણ ઉપસ્થિત રહ્યા. કમલમ દૈનિક,



અબડાસા વિધાનસભા પેટા ચૂંટણી ૨૦૨૦ અંતર્ગત ભાજપા ના ઉમેદવાર તરીકે ઉમેદવારી પત્રક ભરતા શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા. આ પ્રસંગે સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા પણ ઉપસ્થિત રહ્યા. કમલમ દૈનિક,

# ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે ભાજપાના નવનિયુક્ત રાષ્ટ્રીય ઉપાધ્યક્ષા અને ભાવનગરના સાંસદ શ્રીમતી ડો. ભારતીબેન શિયાળનો અભિવાદન કાર્યક્રમ યોજાયો









કમલમ દૈનિક,

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય-શ્રી કમલમ, કોબા, ગાંધીનગર ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં ભાજપાના નવનિયુક્ત રાષ્ટ્રીય ઉપાધ્યક્ષા અને ભાવનગરના સાંસદ શ્રીમતી ડૉ. ભારતીબેન શિયાળનો અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો.આ અભિવાદન કાર્યક્રમમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ભાર્ગવભાઈ ભટ્ટ, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી કુંવરજીભાઈ બાવળીયા, શ્રીમતી વિભાવરીબેન દવે, અમદાવાદના સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી તથા ભાજપાના અગ્રણીશ્રીઓ, કાર્યકર્તાઓ તેમજ કોળી સમાજના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો સાથે મળીને અમલમાં મૂકવામાં આવેલી કેન્દ્રિત વ્યૂહનીતિ અને અસરકારક રીતે વિકસતા માપદંડોના અમલના કારણે, પ્રત્યેક દસ લાખની વસ્તીએ નોંધાતા સૌથી ઓછા કેસ અને પ્રત્યેક દસ લાખની વસ્તીએ નોંધાતા સૌથી ઓછા મૃત્યુ ધરાવતા દેશોમાં વૈશ્વિક સ્તરે ભારતની સ્થિતિ એકધારી જળવાઈ રહી છે. વૈશ્વિક આંકડા અનુસાર પ્રત્યેક દસ લાખની વસ્તીએ કેસની સંખ્યા ૪,૭૯૪ છે જેની સામે ભારતમાં ૫,૧૯૯ છે. યુકે, રશિયા, દક્ષિણ આફ્રિકા, યુએસએ અને બ્રાઝીલમાં ઘણી વધુ સંખ્યામાં કેસો નોંધાઈ રહ્યાં છે.ભારતમાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ મૃત્યુની સંખ્યા ૭૯ છે જ્યારે વૈશ્વિક સરેરાશ આંકડો ૧૩૮ છે.જો કુલ હાથ ધરવામાં આવેલા પરીક્ષણોની વાત કરીએ તો, ભારત સૌથી વધુ પરીક્ષણો કરનારા ટોચના દેશોમાંથી એક છે. છેલ્લા ૨૪ કલાકમાં થયેલા ૧૦,૭૩,૦૧૪ પરીક્ષણો સાથે દેશમાં આજદિન સુધીમાં કરવામાં આવેલા કુલ પરીક્ષણો ૮.૮૯ કરોડ (૮,૮૯,૪૫,૧૦૭)ના આંકડાને વટાવી ગયા છે. સતત ઘણી મોટી સંખ્યામાં પરીક્ષણો કરવામાં આવી રહ્યાં હોવાથી ચેપગ્રસ્ત દર્દીના વહેલા નિદાન અને સમયસર સારવારમાં મદદ મળી રહી છે જેના કારણે દેશમાં ઊંચી સંખ્યામાં રિકવરી દર નોંધાઈ રહ્યો છે જ્યારે સામેપક્ષે મૃત્યુદર એકધારો ઘટી રહ્યો છે. યુએસએ, યુકે, રશિયા, ફ્રાન્સ જેવા ઊંચી આવક ધરાવતા દેશો સાથે ભારતની સરખામણી કરવી અયોગ્ય રહેશે કારણ કે ત્યાં ભારતની સમકક્ષ વસ્તી નથી. આ મુખ્યત્વે તેની વસ્તી ગતિશીલતાને કારણે છે જે સંસાધનોના વિસ્તૃત વિતરણમાં પરિણમે છે. પ્રત્યેક દસ લાખની વસ્તીએ ડૉક્ટર્સ અને નર્સોની ઉપલબ્ધતા, આરોગ્ય પાછળ ખર્ચવામાં આવતી રકમની ટકાવારી જેવા માપદંડોના આધાર પર જોવામાં આવે તો, ઊંચી આવક ધરાવતા દેશો સાથે ભારતની સરખામણીના કારણે અસમાન વિશ્લેષણ પ્રાપ્ત થશે. વ્યાપક સંદર્ભને ધ્યાનમાં રાખતા, કોવિડ-૧૯ના વ્યવસ્થાપનમાં ભારતની લક્ષિત વ્યૂહનીતિ અને છેલ્લા કેટલાક મહિનામાં જાહેર આરોગ્ય પ્રતિભાવના કારણે પ્રોત્સાહક પરિણામો સામે આવી રહ્યાં છે. ભારતમાં નવા પુષ્ટિ થતા પોઝિટીવ કેસોની સંખ્યામાં એકધારો ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં નવા ૫૫,૩૪૨ કેસ પોઝિટીવ હોવાનું નોંધાયું છે. દૈનિક નોંધાતા નવા કેસમાં નવો નીચો આંકડો કેન્દ્રની વ્યાપક અને સઘન પરીક્ષણ, તાત્કાલિક ટ્રેકિંગ અને સર્વેલન્સ, હોસ્પિટલાઈઝેશન અને પ્રમાણભૂત સારવારના પ્રોટોકોલનું ચુસ્ત પાલન કરવાની વ્યૂહનીતિ અંતર્ગત રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા કરવામાં આવી રહેલા સહિયારા પ્રયાસોનું પરિણામ છે. તેના કારણે તમામ સાર્વજનિક અને ખાનગી હોસ્પિટલોમાં તેમજ હોમ આઈસોલેશન માટે આદર્શ ગુણવત્તાની તબીબી સારવાર મેળવવાનું સુનિશ્ચિત થઈ શક્યું છે. છેલ્લા પાંચ અઠવાડિયાથી, દૈનિક નવા નોંધાતા કેસોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. દૈનિક નવા નોંધાતા કેસોની સાપ્તાહિક રેન્જ સપ્ટેમ્બરના બીજા અઠવાડિયામાં ૯૨,૮૩૦ કેસની હતી ત્યાંથી ઘટીને ઓક્ટોબરના બીજા અઠવાડિયામાં ૭૦,૧૧૪ કેસ થઈ ગઈ છે. ભારતમાં સક્રિય કેસોની સંખ્યામાં પણ એકધારા ઘટાડાનું વલણ જળવાઈ રહ્યું છે. હાલમાં દેશમાં કુલ નોંધાયેલા પોઝિટીવ કેસોમાંથી માત્ર ૧૧.૬૯% સક્રિય કેસો છે અને સક્રિય કેસોની સંખ્યા ૮,૩૮,૭૨૯ છે. સક્રિય કેસોની સંખ્યા સળંગ પાંચમા દિવસે નવ લાખના મહત્વપૂર્ણ આંકડા કરતા નીચે નોંધાઈ છે. નવા નોંધાયેલા કુલ કેસોમાંથી ૭૬% કેસો ૧૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. કર્ણાટક નવા નોંધાયેલા કેસોના મામલે મહારાષ્ટ્ર કરતા આગળ નીકળીને ટોચે આવી ગયું છે. બંને રાજ્યોમાં હજુ પણ ૭,૦૦૦ કરતાં વધારે નવા કેસ નોંધાઈ રહ્યાં છે. જ્યાં સૌથી વધુ સંખ્યામાં નવા કેસો નોંધાઈ રહ્યાં છે તેમાં કર્ણાટક, કેરળ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢ ટોચે છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં નવા ૭૭,૭૬૦ દર્દીઓ સાજા થઈ ગયા છે. આ સાથે દેશમાં કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૬૨ લાખ કરતાં વધારે (૬૨,૨૭,૨૯૫) થઈ ગઈ છે. એક જ દિવસમાં સૌથી વધુ સંખ્યામાં રિકવરીનો આંકડો પણ સતત વધી રહ્યો છે જેના કારણે રાષ્ટ્રીય સરેરાશ સાજા થવાનો દર સુધરીને ૮૬.૭૮% થઈ ગયો છે. નવા સાજા થયેલા કેસોમાંથી ૭૮% કેસ ૧૦ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. મહારાષ્ટ્રમાં ૧૫,૦૦૦ કરતા વધારે દર્દીઓ સાજા થવા સાથે સતત સૌથી વધુ સંખ્યામાં દૈનિક રિકવરી નોંધાઈ રહી છે જ્યારે ત્યારબાદ કર્ણાટકમાં ૧૨,૦૦૦ કરતા વધારે દર્દી દૈનિક ધોરણે સાજા થઈ રહ્યાં છે. કોવિડ-૧૯ના કારણે મૃત્યુ પામનારા કુલ દર્દીઓની સંખ્યા સતત દસમા દિવસે ૧૦૦૦ કરતાં ઓછી નોંધાઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કુલ ૭૦૬ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. આમાંથી લગભગ ૭૯% દર્દીઓ દસ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. નવા મૃત્યુ પામેલામાંથી સૌથી વધુ એટલે કે ૨૩% દર્દીઓ (૧૬૫ મૃત્યુ) માત્ર મહારાષ્ટ્રમાં મૃત્યુ પામ્યા છે.

# રાજ્યમાં કોરોના સામેની જંગમાં જ્વલંત જીત મેળવવા જાગૃતિનો જયઘોષ કરી રહ્યા છે પાંચ કોવિડ વિજય રથ






કમલમ દૈનિક,

રાજ્યના વિવિધ જિલ્લા, તાલુકા, ગામ અને શહેરોમાં માનનીયપ્રધાનમંત્રીનાજનઆંદોલનને કેન્દ્રમાં રાખીને જન-જન સુધી કોવિડ વિજય સાથ સાવચેતી, સલામતી અને જાગૃતિના શપથ લેવડાવી રહ્યા છે, સાથે જ સૌનું સ્વાસ્થ્ય સલામત રહે એની કાળજી પણ લઈ રહ્યા છે. રથ લોકોમાં કોરોના જાગૃતિનો સંદેશ, નિઃશુલ્ક દવાઓની કીટનું વિતરણ અને કેન્દ્ર સરકારની વિવિધ પહેલો વિશે માહિતીનો સંચાર કરી રહ્યા છે. આજે છત્રીસમા દિવસે માસ્ક બરાબર રીતે પહેરવો, સાબુથી હાથ વારંવાર ધોવા અને ૬ ફુટના સામાજિક અંતરનું પાલન કરવું એ ત્રણ મુખ્ય બાબતો વિશે વારંવાર લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે.જામનગરજિલ્લાના જામજોધપુર તાલુકાના વસંતપુર ગામથી રથે પ્રસ્થાન કર્યું હતું. જામજોધપુરથી ભાણવડ જવાના માર્ગમાં આવતા વસંતપુર ગામ, બાલવા ગામમાં તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના વાનાવડ ગામ, શીવા ગામ, સતીમાં મંદિર, ત્રણપાટીયા, વેરાડ ગામ વગેરે વિસ્તારોમાં ભ્રમણ કર્યું હતું. કલાકારોએ વિવિધ કળા નિદર્શન દ્વારા લોકોને સરકારની વિવિધ પહેલ અંગે માહિતગાર કર્યા અને કોરોના સાવચેતી અંગે જાગૃત કર્યા, તેમજ લોકોને કોરોના જાગૃતિ શપથ પણ લેવડાવ્યા હતા. આ સાથે જ લોકોમાં નિઃશુલ્ક આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું વિતરણ કર્યું. સાંજે ૪ વાગે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકા ખાતે રથે રોકાણ કર્યું હતું. આજે રથે નવસારી જિલ્લાના નવસારી તાલુકાથી પ્રસ્થાન કર્યું હતું. જિલ્લા પંચાયતના C.D.H.O. ડૉ. ભાવસારે રથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન રથે નવસારી તાલુકા દસેરા ટેકરી, મુનસાડ ગામ, અંબાડા ગામ વગેરે ગામોના લોકો સુધી કોરોના જાગૃતિ અંગેનો સંદેશ પહોંચાડ્યો હતો અને શક્ય તમામ સ્થાનિકોને કોરોના જાગૃતિ શપથ લેવડાવ્યા હતા. રથ પર સવાર કલાકારો આયુર્વેદિક સંશમની દવા અને હોમિયોપેથીક ઈમ્યુનીટી બુસ્ટર દવાઓની કીટનું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું. આજે સવારે ૧૦ વાગે ગીર સોમનાથના વેરાવળ તાલુકાના તાલુકા હેલ્થ ઓફિસર શ્રી અવધેશભાઈ ચૌધરીએ લીલી ઝંડી આપી રથને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે તાલુકા સુપરવાઈઝર નાથાભાઈ કરમટા, ઈનચાર્જ સીવીલ જસુબેન રાઠોડ, નગરપાલિકાના સદસ્ય શ્રી હનીફભાઈ બાગડા અને અન્ય સૌ ઉપસ્થિત લોકોએ કોરોના મહામારી સામેના જનઆંદોલનને સમર્થન આપ્યું તેમજ સૌ કોઈએ કોરોના સામે લડવા અને સાવચેત રહેવા માટે પ્રતિજ્ઞા લીધી. સમગ્ર દિવસ દરમિયાન રથ પર સવાર કલાકારો એ તમામ નાગરિકો પાસે કોવિડ જાગૃતિ શપથ લેવડાવ્યા હતા. આજે છત્રીસમા દિવસે રથે વેરાવળના જુદા જુદા વિસ્તારો જેવા કે ટાવરચોક, મફતીયા પરા, બંદરગા, મામલતદાર કચેરી પાસે, ભાલકા પોલીસ સ્ટેશન, ભાલકા તીર્થ ધામ, વગેરે વિસ્તારમાં ભ્રમણ કર્યું હતું. દિવસના અંતે સાંજે ૪ વાગે વેરાવળમાં રોકાણ કર્યું હતું. રથ પર સવાર કલાકારોએ સ્થાનિકોમાં આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓનું તેમજ માસ્કનું નિઃશુલ્ક વિતરણ કર્યું હતું. આજે રથે છોટાઉદેપુર જિલ્લામાં કવાંટ તાલુકાના મોટી સાંકળ ગામથી રથે પ્રસ્થાન કર્યું હતું. મોટી સાંકળ ગામના સરપંચ લલ્લુભાઈ રાઠવા તથા મહિલા આગેવાન સાવલી બેન રાઠવાએ રથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન રથે મોટી સાંકળ પ્રાથમિક શાળા તેમજ નસવાડી જિલ્લાના ગામ વઘાચ ગામ, કંડવા ગામ, સોઢલિયાં ગામ, જામ્બા ગામ વગેરે વિસ્તારોમાં ભ્રમણ કરીને કોરોના અંગે, પોષણના મહત્વ વિશે તેમજ પાંચ વર્ષ સુધીના બાળકોમાં રસીકરણના મહત્વ વિશે જાગૃતિ સંદેશ પહોંચાડ્યો હતો તેમજ સ્થાનિકોમાં આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું નિઃશુલ્ક વિતરણ કર્યું હતું. આ ઉપરાંત રથ પર સવાર કલાકારોએ સમગ્ર દિવસ દરમિયાન સ્થાનિકોને કોરોના જાગૃતિના શપથ લેવડાવ્યા હતા. આજે છત્રીસમા દિવસે કોવિડ વિજય રાથે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના બુતાલ ગામ, વડગામ, નવલપુર, વગેરે ગામોના લોકો સુધી કોરોના જાગૃતિ અંગેનો સંદેશ પહોંચાડ્યો હતો અને શક્ય તમામ સ્થાનિકોને કોરોના જાગૃતિ શપથ લેવડાવ્યા હતા. રથ પર સવાર કલાકારો આયુર્વેદિક સંશમની દવા અને હોમિયોપેથીક ઈમ્યુનીટી બુસ્ટર દવાઓની કીટનું વિના મૂલ્યે વિતરણ કર્યું હતું.

# ઈ.જી.એમ.એસ. એજ્યુકેશન લિમિટેડ દ્વારા ગાંધીનગર ખાતે બ્રાન્ચ નું ઉદઘાટન




કમલમ દૈનિક, શામળાજી

વિદેશ માં એમ બી બી એસ કરવા ઉત્સુક વિધાર્થી ઓને રાહત ગુજરાત માં થી વિદેશ માં એમ બી બી એસ ના અભ્યાસ અથે જનારા વિધાર્થી ઓ માટે અત્યાર સુધીમાં જે મોટી મુંઝવણ હતી તે હવે ઈ જી એમ એસ એજ્યુકેશન કંપની દ્વારા ગુજરાત માં ગાંધીનગર ખાતે હેડ બ્રાન્ચ નું ઉદઘાટન કરવામાં આવ્યું ડાયરેક્ટ ડો.જગદીશ ચોધરી પો.જોધારામ ચોધરી ના વરદહસ્તે ઉદધાટન કરવામાં આવ્યું હતું અતિથિ વિશેષ નર્મદા નિગમના સુપિ.એનિજનિયર સી.પી.સુતરીયા.ગાયત્રીબેન સિન્હા અરવલ્લી કોમ્પ્યુટર કોલેજ ના ટ્રસ્ટી દિલીપસિંહ ડોડીયા હાજર રહ્યા હતા ગુજરાત માં ડોક્ટર બનવા આતુર વિઘાર્થીઓ માટે વિદેશ ખાતે ખુબજ સારી સુવિધા પુરી ઈ જીએમ એસ કંપની દ્વારા કઝાકિસ્તાન ખાતે એમ બી બી એસ ના એડમિશન ની કામગીરી ચાલુ કરવામાં આવતા વિદેશમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ લાભ થશે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# કોવિડ-૧૯ વિજય રથ નવસારી તાલુકામાં ફરી કોરોના સામે જંગ જીતવા ગ્રામજનોને માર્ગદર્શિત કરાયાં





કમલમ દૈનિક, નવસારી

સૂચના અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર અને યુનિસેફના સહયોગથી કોવિડ-૧૯ ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી જનજાગૃતિ અર્થે કોવિડ વિજય રથ ગામેગામ ફરી કોરોના સામે જંગ જીતવા માર્ગદર્શિત કરી રહયાં છે. જે અન્વયે જિલ્લા પંચાયત કચેરી, નવસારી ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો..ડી.એચ.ભાવસારે લીલીઝંડી આપી કોવિડ વિજયરથને પ્રસ્થાન કરાવ્યો હતો.

આ રથ નવસારી તાલુકાના જુનાથાણા, દશેરા ટેકરી, મુનસાડ, અંબાડા અને સીસોદ્રા ગામે પહોંચતા સ્થાનિક સરપંચ સહિતના ગ્રામજનોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

કોવિડ વિજય રથ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગ્રામ પંચાયત કચેરી અને આંગણવાડી ખાતે આ કાર્યક્રમમાં આ રથના માધ્યમથી ગ્રામજનોને જનચેતના જગાવી હતી.

રથની સાથે પધારેલા અમદાવાદના રાજેશભાઈ પવારની ટીમના કલાકારોએ શેરી નાટક દ્વારા કોરોના સામેનો જંગ જીતવા માટેની ગ્રામજનોને સમજ આપી હતી. રથ સાથેના કલાકારોએ કોરોના સામેની સાવચેતી સહિત કેન્દ્ર/રાજય સરકારની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓનો પ્રચાર, પ્રદર્શન નિદર્શન સાથે સોશીયલ ડિસ્ટન્સ, ફેસ માસ્ક અંગે જનજાગૃતિ સંદેશો આપ્યો હતો. સેનેટાઈઝરનો નિયમિત ઉપયોગ સાથે લોકોને અફવાઓ અને ખોટી માહિતીથી દૂર રહેવા અંગે પણ જાણકારી પુરી પાડી હતી. આ અવસરે ગામના સરપંચશ્રીઓ, ગામ અગ્રણીઓ, ગ્રામજનો સહિત આરોગ્ય વિભાગ, આંગણવાડી વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહયાં હતાં.

# વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અમદાવાદ જિલ્લા ૧૦૮ ટીમના કન્વીનર તરીકે વિજય પટેલની નિમણૂક

### સમાજના આગેવાનો, મિત્રો સહીતના લોકો દ્વારા શુભકામના પાઠવવામાં આવી



વિરમગામ
(વંદના નીલકંઠ વાસુકિયા)

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ૧૦૮ ટીમ ના ગુજરાત રાજ્ય ના જવાબદાર ચેરમેન હિમાંશુભાઈ પટેલ ની ઉપસ્થિતિ માં અમદાવાદ જિલ્લા ૧૦૮ ટીમ ના કન્વીનર તરીકે વિજયભાઈ પટેલ ની નિમણુક કરવામા આવી હતી. ઉપપ્રમુખ ડી .એન .ગોલ તથા સંગઠનના મંત્રી વિક્રમભાઈ પટેલ ની ઉપસ્થિતિમાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. બાવળાના વતની વિજયભાઈ પટેલ ને સમાજના આગેવાનો, મિત્રો સહીતના લોકો દ્વારા શુભકામના પાઠવવામાં આવી રહી છે.

# અખિલ ભારતીય બંજારા સેના ગુજરાત પ્રદેશ ની મીટીંગ યોજાઈ




કમલમ દૈનિક, અરવલ્લી/શામળાજી

બંજારા સમાજ પણ સમય ની સાથે ચાલવા માટે સમાજના લોકો આગળ આવે તે માટે સમાજને વ્યસન મુક્ત કરવા માટે સમાજના શિક્ષણ માં ધ્યાન આપવા માટે સમાજ પ્રત્યે દરેક લાગણીઓ અને સમાજ ને આગળ લાવવા માટે ભગવાન દાસ વણઝારા એ અખિલ ભારતીય બંજારા ના ગુજરાત પ્રદેશ તરફથી વડોદરા માં મીટીંગ યોજાઈ હતી ગુજરાત માં થી મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા ભગવાન દાસ વણઝારા.ગીરીર્ષ વણઝારા.કરણ.વશરામ.અજમલ વણઝારા. સમાજના ગાદી પતિ નરેન્દ્ર ગીરી મહારાજ.ડૉ.ઉદયવણઝારા. ડૉ.દશરથ વણઝારા.ભવર વણઝારા ઉપસ્થિત રહ્યા હતા અને સો સાથે મળીને સમાજના લોકો માટે કામ કરવાની તૈયારી બતાવી હતી.

# બાડમેર - યશવંતપુર એસી સ્પેશિયલ અમદાવાદ થઈને ચાલશે

કમલમ દૈનિક,

યાત્રીઓ ની સુવિધા અને આગામી તહેવારો ની સીઝન માં યાત્રીઓ ના અતિરિક્ત દબાવ ને ઓછો કરવા માટે બાડમેર- યશવંતપુર સ્પેશિયલ અમદાવાદ થઈને ચલાવવામાં આવશે.

● ટ્રેન નં.૦૪૮૦૬ / ૦૪૮૦૫ બાડમેર - યશવંતપુર - બાડમેર એસી સ્પેશિયલ એક્સપ્રેસ (સાપ્તાહિક)

ટ્રેન નંબર ૦૪૮૦૬ બાડમેર - યશવંતપુર એ.સી. સ્પેશિયલ એક્સપ્રેસ ૧૬ ઓક્ટોબર, ૨૦૨૦ થી પ્રત્યેક શુક્રવારે બાડમેર થી ૦૩.૪૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે શનિવારે ૧૩.૩૦ કલાકે અમદાવાદ પહોંચશે. તે ત્રીજા દિવસે એટલે કે રવિવારે બપોરે ૦૩.૧૫ વાગ્યે યશવંતપુર પહોંચશે. ટ્રેન નંબર ૦૪૮૦૫ યશવંતપુર - બાડમેર એસી સ્પેશિયલ એક્સપ્રેસ ૧૯ ઓક્ટોબર ૨૦૨૦ થી દર સોમવારે ૧૦.૩૦ કલાકે યશવંતપુર થી ઉપડશે અને બીજા દિવસે ૧૯.૨૦ વાગ્યે અમદાવાદ પહોંચશે. તે ત્રીજા દિવસે બુધવારે ૦૫.૨૦ વાગ્યે બાડમેર પહોંચશે. આ ટ્રેન માં એસી ફર્સ્ટ ક્લાસ, એસી ૨ ટાયર, એસી ૩ ટાયર કોચ અને પેન્ટ્રી કારનો સમાવેશ કરવામાં આવશે. આ ટ્રેન બાયટૂ, બાલોતરા જંકશન, સમદડી, મોકલસર, જાલોર, મોદરન, મારવાડ-ભીનમાલ, રાણીવાડા, ભીલડી જંકશન, પાટણ, મહેસાણા, અમદાવાદ જંકશન, આણંદ, વડોદરા જંકશન, અંકલેશ્વર, સુરત, વાપી, વસઈ રોડ, કલ્યાણ જંકશન, પુણે જંકશન, સોલાપુર, વિજાપુર, બગલકોટ, બદામી, ગડગ જંકશન, હુબલી જંકશન, દાવણગેરે, અર્સીકરે જંકશન અને ટુમકુરુ સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે.

# કોરોના કાળ / જીવ ની બાદબાકી

### કવિ. પંકજ દરજી "શિલ્પી"

**આ કોરોના કાળમાં..**

કમલમ દૈનિક,

સબંધ થયા સૌ...કોરા ! ને હૂંફ ગઈ છે,હાંફી !
કપરા આ કાળમાં જાણે, જીવની બાદબાકી !?

સંપર્ક સાથે , સબંધ પણ..,આવી ગયા નેટમાં,
લગન-કથા-બેસણાં ! હવે ઓનલાઈન ચેટમાં.

વ્યવહાર બન્યો વહેવાર , બધું વિના સંપર્કમાં,
ફી- શિખ -બિલ બધું,કેશલેસ : ટ્રાન્ઝેક્શનમાં.

હરુભરુ ને રુબરુ ! મળવું : ગયું ગત કાળમાં,
વગર જોયે- વગર મળે સાચવો સબંધ નેટમાં.

મનને મનાવી લો ! એકલા છો ! જીવનવાટમાં,
છેવટ, તારું કર્મ જ, આવશે 'શિલ્પી' સાથમાં.

એન્ટાઇટલમેન્ટ મુજબ, ૨૦૧૮-૨૧ દરમિયાન એક એલટીસીના બદલામાં રોકડ ચુકવણી અને લીવ એક્રેશનમેન્ટનો લાભ આપવામાં આવ્યો

# નાણાં મંત્રીએ કોવિડ-૧૯ સામે લડવા ચાલુ નાણાકીય વર્ષના અંત અગાઉ ઉપભોક્તા ખર્ચને પ્રોત્સાહન આપવા રૂ. ૭૩,૦૦૦ કરોડના લાભ જાહેર કર્યા

ગેઝેટેડ અને નોન-ગેઝેટેડ એમ બંને પ્રકારનાં કર્મચારીઓ માટે વન-ટાઇમ પગલાં સ્વરૂપે સ્પેશ્યલ ફેસ્ટિવલ એડવાન્સ સ્કીમ સંશોધિત સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવી




## રાજ્યોને મૂડીગત ખર્ચ કરવા માટે રૂ. ૧૨,૦૦૦ કરોડની ૫૦ વર્ષની વિશેષ વ્યાજમુક્ત લોન

## કેન્દ્ર સરકારે બજેટ ૨૦૨૦માં આપેલા રૂ. ૪.૧૩ લાખ કરોડ ઉપરાંત રૂ. ૨૫,૦૦૦ કરોડનું વધારાનું બજેટ મૂડીગત ખર્ચ માટે પ્રદાન કરવામાં આવ્યું

કમલમ દૈનિક,

કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને આજે અર્થતંત્રમાં ઉપભોક્તા ખર્ચને પ્રોત્સાહન આપવા રૂ. ૭૩,૦૦૦ કરોડના લાભની જાહેરાત કરી હતી. એનો આશય કોવિડ-૧૯ રોગચાળાને પગલે લાગુ લોકડાઉનને કારણે અર્થતંત્રમાં થયેલા ઘટાડાની અસરને ઓછી કરવાનો છે. જયારે શ્રીમતી સીતારામને અર્થતંત્રમાં માગને પ્રોત્સાહન આપવાના પેકેજની જાહેરાત કરી હતી, ત્યારે તેમણે કહ્યું હતું કે, "સરકારી અને સંગઠિત ક્ષેત્રના કર્મચારીઓની બચતમાં વધારો થયો છે એવા સંકેતો મળ્યાં છે તથા અમે આ પ્રકારના લોકોને ઓછા નસીબદાર લોકોના લાભ માટે માગને વેગ આપવા માટે પ્રોત્સાહન આપવા ઈચ્છીએ છીએ." નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે, જો આજે જાહેર થયેલા પ્રોત્સાહક પગલાઓને આધારે માગ વધશે, તો એનાથી કોવિડ-૧૯થી અસર પામેલા લોકો પર સકારાત્મક અસર થશે અને જે લોકો વ્યવસાય જાળવવા આતુર છે તેમને પણ મદદ મળશે. નાણાં મંત્રીએ એ વિચાર પર ભાર મૂક્યો હતો કે, વર્તમાન સમાધાન ભવિષ્યની સમસ્યા ન બનવી જોઈએ. શ્રીમતી સીતારામને કહ્યું હતું કે, સરકાર ભવિષ્યમાં મોંઘવારી સાથે સામાન્ય નાગરિક પર ભાર લાદવા ઈચ્છતી નથી અને સાથે સાથે સરકારી ઋણને અનિશ્ચિતતાના માર્ગે દોરવા પણ ઈચ્છતી નથી. નાણાં મંત્રીએ આજે રજૂ કરેલી દરખાસ્તો રાજકોષીય વિવેકાધિન રીતે ખર્ચને પ્રોત્સાહન આપવા માટે બનાવવામાં આવી છે, કારણ કે તેમાંથી કેટલીક દરખાસ્તો પાછળથી ઓફસેટ કરવાની સાથે આગોતરા ખર્ચ કે ફ્રન્ટ-લોડિંગ સાથે સંબંધિત છે, ત્યારે અન્ય દરખાસ્તો જીડીપીમાં વૃદ્ધિ સાથે સીધી સંબંધિત છે. શ્રીમતી સીતારામનની હાલની જાહેરાત કોવિડ-૧૯ પ્રેરિત આર્થિક મંદીનો સામનો કરવા ભારત સરકારના સક્રિય હસ્તક્ષેપને સૂચવે છે. એની વિગતો નીચે મુજબ છે:

છ.ઉપભોક્તા ખર્ચ

i. લીવ ટ્રાવેલ કન્સેશન (એલટીસી) કેશ વાઉચર સ્કીમ

જ્યારે આ યોજનાની જાહેરાત કરવામાં આવી છે, ત્યારે નાણાં મંત્રીએ કહ્યું હતું કે, "એલટીસી કેશ વાઉચર યોજનાનો લાભ લેવા કર્મચારીઓ માટે સૌથી મોટું પ્રોત્સાહન એ છે કે વર્ષ ૨૦૨૧માં ચાર વર્ષના બ્લોકનો અંત આવશે, લાભ લેવામાં ન આવેલ એલટીસી પછી નહીં મળશે. એટલે આ કર્મચારીઓને ચીજવસ્તુઓ ખરીદવા માટે આ સુવિધાનો લાભ લેવા પ્રોત્સાહન આપશે, જેનાથી તેમના પરિવારજનોને મદદ મળશે."

કેન્દ્ર સરકારના કર્મચારીઓને ૪ વર્ષના બ્લોકમાં એલટીસી મળે છે, જેમાં તેમને પે સ્કેલ / અધિકાર મુજબ એર કે રેલવેનું ભાડું રિઈમ્બર્સ થાય છે અને ઉપરાંત ૧૦ દિવસ (પગાર ડીએ)ના લીવ એક્રેશમેન્ટની ચુકવણી થાય છે. પણ કોવિડ-૧૯ના કારણે કર્મચારીઓ ૨૦૧૮-૧૯ના ચાલુ બ્લોકમાં એલટીસીનો લાભ લેવાની સ્થિતિમાં નથી.

એટલે સરકારે ૨૦૧૮-૨૧ દરમિયાન એક એલટીસીના બદલામાં રોકડ ચુકવણી કરવાનો નિર્ણય લીધો છે, જેમા:

- લીવ એક્રેશમેન્ટ પર સંપૂર્ણ ચુકવણી અને
- એન્ટાઇટલમેન્ટના વર્ગને આધારે ૩ ફ્લેટ-રેટ સ્લેબમાં ભાડાની ચુકવણી
- ભાડાની ચુકવણી કરમુક્ત હશે

આ યોજના પસંદ કરનાર કર્મચારીને ૩૧ માર્ચ, ૨૦૨૧ અગાઉ ભાડાથી ૩ ગણા મૂલ્યની અને લીવ એક્રેશમેન્ટને ૧ ગણા મૂલ્યની ચીજવસ્તુઓ / સેવાઓ ખરીદવાની જરૂર પડશે.

આ યોજનામાં એ જરૂર પણ છે કે, જીએસટી રજિસ્ટર્ડ વિક્રેતા પાસેથી ડિજિટલ માધ્યમ થકી ૧૨ ટકા કે વધારે જીએસટી ધરાવતી ચીજવસ્તુઓ પર નાણાં ખર્ચ કરવા પડશે. કર્મચારીને આ લાભ મેળવવા જીએસટી ઈનવોઈસ રજૂ કરવું પડશે.

જો કેન્દ્ર સરકારના કર્મચારીઓ એની પસંદગી કરશે, તો ખર્ચ આશરે રૂ. ૫,૬૭૫ કરોડ થશે. સરકારી બેંકો (PSBs) અને સરકારી સાહસો (PSUs)નાં કર્મચારીઓ આ સુવિધાની છૂટ પણ આપશે અને તેમના માટે અંદાજિત ખર્ચ રૂ. ૧,૯૦૦ કરોડ રહેશે. રાજ્ય સરકાર/ખાનગી ક્ષેત્રના એલટીસી મેળવવાને પાત્ર કર્મચારીઓ માટે કરવેરામાં છૂટછાટનો લાભ મળશે, જે કેન્દ્ર સરકારની યોજનાની માર્ગદર્શિકાને આધિન છે.

કેન્દ્ર સરકાર અને કેન્દ્રીય સરકારી એકમ/સરકારી બેંકના કર્મચારીઓ દ્વારા દ્વારા અર્થતંત્રમાં માગને પ્રોત્સાહન આપવા અંદાજે રૂ. ૧૯,૦૦૦નો ખર્ચ થશે. રાજ્ય સરકારના કર્મચારીઓ દ્વારા માગને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૯,૦૦૦ કરોડનો ખર્ચ થશે. એનાથી વધુ રૂ. ૨૮,૦૦૦ કરોડની ઉપભોક્તા માગ પેદા થશે એવી અપેક્ષા છે.

ii. સ્પેશ્યલ ફેસ્ટિવલ એડવાન્સ સ્કીમ

નોન-ગેઝેટેડ કર્મચારીઓ માટે તેમજ ગેઝેટેડ કર્મચારીઓ માટે પણ એક સ્પેશ્યલ ફેસ્ટિવલ એડવાન્સ સ્કીમને સુધારીને માગને પ્રોત્સાહન આપવા વન-ટાઈમ પગલાં તરીકે નવેસરથી પ્રસ્તુત કરવામાં આવી છે. કેન્દ્ર સરકારનાં તમામ કર્મચારીઓ હવે ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી ખર્ચ કરવા રૂ. ૧૦,૦૦૦ની વ્યાજમુક્ત લોનનો લાભ લઈ શકે છે, જે માટે કર્મચારી તહેવારની પસંદગી પણ કરી શકે છે. આ વ્યાજમુક્ત લોનની ભરપાઈ કર્મચારી મહત્તમ ૧૦ સમાન હપ્તામાં કરી શકે છે.

કર્મચારીઓને આગોતરના મૂલ્યનું પ્રી-લોડેડ રુપે કાર્ડ મળશે. સરકાર કાર્ડના બેંક ચાર્જનું વહન કરશે. રુપે કાર્ડ દ્વારા લોનનું વિતરણ ચુકવણીના ડિજિટલ માધ્યમને સુનિશ્ચિત કરશે, જેના પરિણામે કરવેરાની આવક થશે અને વ્યવસાયોમાં પ્રામાણિકતાને પ્રોત્સાહન મળશે.

સ્પેશ્યલ ફેસ્ટિવલ એડવાન્સ સ્કીમ (એસએફએએસ)નું વન-ટાઈમ વિતરણ રૂ. ૪,૦૦૦ કરોડનું હોવાની અપેક્ષા છે અને જો તમામ રાજ્ય સરકારો દ્વારા એસએફએએસનો અમલ થાય, તો વધુ રૂ. ૮,૦૦૦ કરોડનો અન્ય એક હપ્તો છૂટો થાય એવી અપેક્ષા છે.

B.મૂડીગત ખર્ચ

i. રાજ્યોને વિશેષ સહાય:

જ્યારે શ્રીમતી સીતારામને મૂડીગત ખર્ચ સાથે સંબંધિત પગલાં જાહેર કર્યા હતા, ત્યારે તેમણે જણાવ્યું હતું કે, માળખાગત સુવિધા અને અસ્કયામતના સર્જન પર ખર્ચ કરેલા નાણાંની અર્થતંત્ર પર વિવિધ સ્તરે અસર થાય છે. એનાથી વર્તમાન જીડીપીની સાથે ભવિષ્યની જીડીપીમાં પણ સુધારો થાય છે. સરકાર રાજ્યો અને કેન્દ્ર એમ બંને સરકારોના મૂડીગત ખર્ચને નવો વેગ આપવા ઈચ્છે છે.

મૂડીગત ખર્ચ નવેસરથી ભાર મૂકીને શ્રીમતી સીતારામને કહ્યું હતું કે, માળખાગત સુવિધાઓ અને અસ્કયામતોનું નિર્માણ કરવા પર ખર્ચ થયેલા નાણાની અર્થતંત્ર પર એકથી વધારે સ્તરે અસર થાય છે. એનાથી વર્તમાન જીડીપીની સાથે ભવિષ્યના જીડીપીમાં પણ સુધારો થાય છે. સરકાર રાજ્યો અને કેન્દ્ર એમ બંને સરકારોના મૂડીગત ખર્ચને નવો વેગ આપવા ઈચ્છે છે. તેમણે ઉમેર્યું હતું કે, કેન્દ્ર સરકારે રાજ્યોને રૂ. ૧૨,૦૦૦ કરોડના મૂડીગત ખર્ચની ૫૦ વર્ષની વિશેષ વ્યાજમુક્ત લોન આપી છે. આ યોજના ૩ ભાગ ધરાવે છે.

યોજનાનો ભાગ-૧ આ માટે પ્રદાન કરવામાં આવશે:

- ઉત્તર પૂર્વના ૮ રાજ્યોમાં દરેક રાજ્ય માટે રૂ. ૨૦૦ કરોડ (કુલ રૂ. ૧,૬૦૦ કરોડ)
- ઉત્તરાખંડ, હિમાચલપ્રદેશ એમ બંનેને રૂ. ૪૫૦ કરોડ – રૂ. ૪૫૦ કરોડ (કુલ રૂ. ૯૦૦ કરોડ)

યોજનાનો ભાગ-૨ આ માટે પ્રદાન કરવામાં આવશે:

- ૧૫મા નાણાં પંચની હસ્તાંતરણની ભલામણ મુજબ, બાકીના રાજ્યો માટે રૂ. ૭,૫૦૦ કરોડ.

નાણાં મંત્રીએ કહ્યું હતું કે, રાજ્યોને વ્યાજમુક્ત લોનના પહેલો અને બીજો એમ બંને ભાગ ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધીમાં ખર્ચ કરવો પડશે અને એનો ૫૦ ટકા હિસ્સો શરૂઆતમાં આપવામાં આવશે, ત્યારે બાકીનો ૫૦ ટકા હિસ્સો પ્રથમ ૫૦ ટકા હિસ્સાના ઉપયોગ પછી આપવામાં આવશે. ઉપયોગ થયેલા ફંડની પુનઃફાળવણી કેન્દ્ર સરકાર દ્વારા થશે.

રાજ્યોને રૂ. ૧૨,૦૦૦ કરોડની વ્યાજમુક્ત લોનના ભાગ - ૩ અંતર્ગત, ૧૭ મે, ૨૦૨૦ના રોજ ખર્ચ વિભાગના પત્ર એફ. નંબર 40(06)/PF-S/17-18 વોલ્યુમ પાંચ મુજબ આત્મનિર્ભર ભારત પેકેજ (એએનબીપી)માં જણાવવામાં આવેલા ૪ સુધારામાંથી ઓછામાં ઓછા ૩ સુધારા કરનાર રાજ્યોને રૂ. ૨,૦૦૦ કરોડ આપવામાં આવશે. રૂ. ૨,૦૦૦ કરોડ અન્ય ઋણની ટોચમર્યાદાથી વધારાની રકમ છે.

આ યોજનાની ખાસિયતો નીચે મુજબ છે:

- એનો ઉપયોગ નવા કે હાલ ચાલુ મૂડીગત પ્રોજેક્ટ્સ માટે થઈ શકશે, જે માટે ફંડની જરૂરિયાત હોઈ શકે છે અને / અથવા આ પ્રકારના પ્રોજેક્ટ્સ પર કોન્ટ્રાક્ટર્સ / સપ્લાયર્સના બિલોને સેટલ કરવા માટે થઈ શકશે
- મૂડીગત ખર્ચ ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી કરવામાં આવશે
- આ ફંડિંગ રાજ્યોને અન્ય તમામ વધારાના ઋણની ટોચમર્યાદા ઉપરાંત આપવામાં આવશે
- ૫૦ વર્ષ પછી બુલેટ રિપેમેન્ટ, ૫૦ વર્ષ માટે સર્વિસની જરૂર નહીં

ii. બજેટની સંવર્ધિત જોગવાઈઓ:

નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના બજેટ ૨૦૨૦માં આપવામાં આવેલા રૂ. ૪.૧૩ લાખ કરોડ ઉપરાંત વધારાનું રૂ. ૨૫,૦૦૦ કરોડનું બજેટ માર્ગો, સંરક્ષણ ક્ષેત્ર, પાણી પુરવઠા, શહેરી વિકાસ અને સ્થાનિક રીતે નિર્મિત મૂડીગત ઉપકરણ પર મૂડીગત ખર્ચ કરવા માટે પ્રદાન કરવામાં આવ્યું છે. સરકારની કામગીરી સરળ રીતે હાથ ધરી શકાય એ માટે નાણાં મંત્રાલય સંબંધિત મંત્રાલોય સાથે ચર્ચા કરીને આગામી સંશોધિત અંદાજિત ચર્ચામાં ફાળવણીઓ કરવામાં આવશે.

અહીં એ બાબત યાદી કરી શકાય છે કે, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ (પીએમજીકેપી) અંતર્ગત ૨૬ માર્ચ, ૨૦૨૦ના રોજ રૂ. ૧.૭૦ લાખ કરોડના પેકેજની અને ૧૨ મે, ૨૦૨૦ના રોજ આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ભારતની જીડીપીના ૧૦ ટકાને સમકક્ષ રૂ. ૨૦ લાખ કરોડના વિશેષ આર્થિક અને વિસ્તૃત પેકેજ આત્મનિર્ભર ભારત પેકેજ (એએનબીપી)ની જાહેરાત કરવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ આત્મનિર્ભર ભારત અભિયાનની લોકોને અપીલ કરી હતી અને આત્મનિર્ભર ભારતના પાંચ પાયાની રૂપરેખા પણ આપી હતી. આ પાંચ પાયા છે – અર્થતંત્ર, માળખાગત સુવિધા, વ્યવસ્થા, જીવંત અને વિશાળ વસ્તી તથા માગ.

## વલસાડ જિલ્લાના કપરાડા ખાતે મતદાર જાગૃતિ માટે સીગ્નેચર કેમ્પેઇન યોજાયું



કમલમ દૈનિક, વલસાડ

વલસાડ જિલ્લાના ૧૮૧-કપરાડા (અ.જ.જા) બેઠકની પેટા ચૂંટણી -૨૦૨૦ દરમિયાન વધુમાં વધુ મતદાન થાય તે હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી આર.આર.રાવલની રાહબરી હેઠળ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા ઝુંબેશના રૂપમાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યાં છે. જે અંતર્ગત કપરાડાની વાણિજ?ય અને વિનયન કૉલેજ ખાતે મતદાન જાગૃતિના સંકલ?પ સાથે સીગ્નેચર કેમ?પેઈનનું આયોજન કરાયું હતું. જેમાં મતદાન એ મારો અધિકાર છે, મતદાનના દિવસે હું અચૂક મતદાન કરીશના સંકલ?પ સાથે મતદારોએ સીગ્નેચર કેમ્પેઈનમાં ભાગ લીધો હતો.

## ૧૮૧- કપરાડા બેઠકના પ્રિસાઈડિંગ અધિકારીઓની તાલીમ યોજાઇ





કમલમ દૈનિક, વલસાડ

વલસાડ જિલ્લાના ૧૮૧-કપરાડા (અ.જ.જા) બેઠકની પેટા ચૂંટણી -૨૦૨૦ અંતર્ગત તા.૩/૧૧/૨૦૨૦ના રોજ મતદાન યોજાનાર છે. આ ચૂંટણી ન?યાયી, નિષ?પક્ષ રીતે યોજાય તે માટે મતદાનના દિવસે મતદાનની પ્રક્રિયા માટે પ્રિસાઈડિંગ ઓફિસરોની કામગીરી અંગેની તાલીમ યોજાઇ હતી. આ તાલીમમાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન મતદાનના દિવસે કરવાની થતી કામગીરીની જાણકારી આપવાની સાથે તેઓને મૂંઝવતા પ્રશ?નોના નિરાકરણ કરવામાં આવ?યું હતું.

## ડીસા માલગઢ માં ધારાસભ્યશ્રી શશીકાન્ત પંડયાનાં અધ્યક્ષ સ્થાને ભવ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું





કમલમ દૈનિક,

આ ગ્રુપનો એજન્ડા માલગઢ ગામનો વિકાસ આ ગ્રુપનાં પ્રમુખ તથા સભ્યો દ્વારા ધારાસભ્ય શ્રી નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો અત્યાર સુધીમાં માલગઢ મુકામે જે વિકાસનાં કાર્યો થયાં છે જે આજ સુધી થયાં નથી આવાજ વિકાસ નાં કાર્યો નો વેગ જળવાઈ રહે એવી અપીલ કરવામાં આવી આ પ્રસંગે પૂર્વ કોષાઅધ્યક્ષ ભારતીય જનતા પાર્ટી શ્રી કે.ટી.માળી, બક્ષીમોર્ચા મહામંત્રી બનાસકાંઠા જીલ્લા ભારતીય જનતા પાર્ટી એન.સી. માળી, તાલુકા ડેલીગેટ એન.ટી.માળી, મોરથલ ગોળીયા સરપંચ પરેશભાઈ માળી, ગેનાજી ગોળીયા સરપંચ અશોકજી ગેલોત ગામનાં વડીલો મિત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા.

## અબડાસા વિધાનસભામાં ભાજપ ત્રીસ્તરીય વ્યુહરચના સાથે મેદાનમાં ઉતરશે



કમલમ દૈનિક,

અબડાસા વિધાનસભા પેટા ચુંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહયા છે ત્યારે ભારતીય જનતા પક્ષ દ્વારા પુરા જોમ જુસ્સા અને ઉત્સાહ સાથે અબડાસા વિસ્તારના મતદારો સાથે સતત લોક સંપર્ક અભિયાન ચાલી રહયું છે . આ પેટા ચૂંટણી અગાઉ પેજ કમીટીના હજારો સભ્યોના સ્માર્ટ કાર્ડ બનાવીને ચૂંટણી અગાઉ જ યૂહાત્મક બાજી મારી ગયેલ કચ્છ યુવા ભાજપની ટીમ આ સમગ્ર ચુંટણી પ્રક્રિયા દરમ્યાન ચાવીરૂપ ભૂમિકા અદા કરવાની હોઈ સમગ્ર યુવા ટીમનો ઉત્સાહ વધારવા પ્રદેશ યુવા ભાજપના અધ્યક્ષ ડો. ઋત્વિજભાઈ પટેલ ખાસ કચ્છ પધાર્યા હોઈ આજરોજ તેમની ઉપસ્થિતીમાં નખત્રાણા ખાતે યુવા કાર્યકરો સાથે વિચાર વિમર્શ કરાયો હતો અને એક ત્રસ્તરીય વ્યુહ રચના સુનિશ્ચિત કરાઈ હતી. આ ત્રસ્તરીય વ્યુહરચનાના ભાગરૂપે અબડાસા મત વિસ્તાર હેઠળની તમામ જિલ્લા પંચાયત બેઠકો પર યુવા ભાજપના સ્થાનિક સભ્યોને જે તે બેઠકની વિશેષ જવાબદારી સોંપી તેમની સાથે જિલ્લા યુવા ભાજપની ટીમમાંથી તેમજ પડોશી જિલ્લાઓની યુવા ભાજપની ટીમમાંથી જવાબદાર અગ્રણીઓને સાથે રાખીને કુલ ત્રણ સ્તરનું જડબેસલાક સંગઠનાત્મક માળખું ઉભુ કરીને ચુંટણી લક્ષી માઈક્રો પ્લાનીંગ કરવામાં આવ્યું છે . આ અંગે કાર્યકરોને માર્ગદર્શન આપતા ડો. ઋત્વિજભાઈ પટેલે જણાવ્યું હતું કે , આ રાષ્ટ્રમાં હંમેશા યુવા શકિતએ સામાજિક ઉત્થાન અને રાષ્ટ્રવાદની દિશામાં નકકર કાર્ય કર્યું છે ત્યારે આ વખતની ચૂંટણીમાં પણ કચ્છ જિલ્લા ભાજપ યુવા મોરચો અગ્રેસર ભૂમિકા ભજવીને અબડાસાની બેઠક જંગી સફળતાથી કબ્બે કરશે એ નિશ્ચિત બાબત છે . એક તરફ વિપક્ષને છેલ્લા દિવસ સુધી ઉમેદવાર જાહેર કરવામાં સાંસા પડી રહ્યા છે ત્યારે ભારતીય જનતા પક્ષે અસંખ્ય કર્મઠ કાર્યકરો ના સંઘબળે અડધી લડાઈ જીતી લીધી છે . પ્રદેશ ભાજપ મંત્રી શ્રી પ્રદિપસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, આ પેટા ચૂંટણીનો જંગ ભાજપના વિકાસ અને રાષ્ટ્રવાદની નીતી જયારે કોંગ્રેસની દંભી અને બંધારી રાજનીતીનો વિરૂધ્ધનો છે. ભાજપનું મોવડી મંડળ હજારો કાર્યકરોની સાથે કેન્દ્ર અને રાજય સરકારની સિધ્ધીઓ અને ઉપલબ્ધિઓની વાત લઈને બુલંદ આત્મ વિશ્વાસથી પ્રજા સમક્ષ પહોંચી ચૂકયો છે ત્યારે વિપક્ષ કયા મુદે ચુંટણી જંગ લડવો એ અંગે હજી પણ અવઢવ અને ભારે ગડમથલમાં છે. જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભાજપ માટે રાજનીતી એ સતાનું સાધન નહીં પણ સેવાનું માધ્યમ છે . ચુંટણી લક્ષી રાજનીતીને કયારેય પણ ભાજપની વિચારધારામાં સ્થાન નથી મળ્યું બલ્ક હર હંમેશ પ્રજાજનોની વચ્ચે જાગૃત પ્રહરીની ભૂમિકા અદા કરીને અવિરત લોકસેવા કરતા રહેવું એ ભાજપની પ્રણાલી રહી છે. અબડાસા વિધાનસભાના ભારતીય જનતા પક્ષના ઉમેદવાર પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે , "વિકાસની વાત અને કોંગ્રેસનો સાથ" એ બને તદન વિરોધાભાસી બાબતો છે. લોકસેવા તેમજ વિકાસની વાત કરનારા લોકો માટે કોંગ્રેસ પક્ષમાં કોઈ જ સ્થાન નથી હોતું. માટે સરહદી વિસ્તાર અબડાસાની જનતાની ઉન્નતી અને વિકાસ માટે મેં કોંગ્રેસને તિલાંજલી આપી હું ભારતીય જનતા પક્ષમાં જોડાયો છું અને વિકાસના મંત્ર અને નારા સાથે ભારતીય જનતા પક્ષના ઉમેદવાર તરીકે હું અબડાસાની જનતાનો વિશ્વાસ જીતવા મેદાને ઉતર્યો છું અને મને પૂર્ણ શ્રદ્ધા છે કે અબડાસાની જનતા મને પુનઃ એક વખત સ્વીકારશે . કાર્યક્રમના પ્રારંભે કચ્છ જિલ્લા ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ રાહુલભાઈ ગોરે સ્વાગત પ્રવચન કર્યું હતું અને આગામી ચૂંટણી લક્ષી તૈયારીઓ વિશે સૌ યુવાનોને ખંત પૂર્વક કામે લાગી જવા આહવાન કર્યું હતું અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડયું હતું . ઉપરોકત કાર્યક્રમમાં ધારાસભ્ય ડો. નિમાબેન આચાર્ય , જિલ્લા ભાજપ મહામંત્રી અનિરૂધ્ધભાઈ દવે, પ્રદેશ યુવા ભાજપના દર્શકભાઈ ઠાકર , નખત્રાણા તાલુકા ભાજપ પ્રમુખ દિલીપભાઈ નરસીંગાણી , મહામંત્રી હરિસિંહ રાઠોડ, લખપત તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ સરદાર , નખત્રાણા તાલુકા યુવા ભાજપ મહામંત્રી હિરેનભાઈ ભટ સહિત જિલ્લા યુવા ભાજપના હોદેદારો,અબડાસા વિધાનસભાના ત્રણેય મંડલના યુવા મોરચાના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા , કાર્યક્રમનું સંચાલન નખત્રાણા તાલુકા યુવા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ કેસરાણી, આભાર વિધિ અબડાસા તાલુકા યુવા ભાજપ પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા જિલ્લા યુવા ભાજપ મહામંત્રી પ્રફુલસિંહજાડેજા અને રણછોડભાઈ આહિરે કરી હોવાનું કચ્છ જિલ્લા મીડીયા સહ ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું .

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028